# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# LOKSABHA – ELECTION

રાજ્યમાં લોકસભા ચુંટણી તથા વિધાનસભાની યોજાનારી પેટા ચુંટણીની તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં રાજકીય પાર્ટીના હોર્ડિંગ, જાહેરાત, બેનરો, લખાણ, ચિન્હો વગેરે હટાવવાની કામગીરી શરૂ કરાઇ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સેનિટેશન ટીમ દ્વારા અલગ અલગ 5 ટીમો બનાવીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી હોર્ડિંગ, બેનરો, વોલ પેંટિંગ, રાજકીય પાર્ટીના લખાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે મહેસાણામાં લોકસભાની સામાન્ય તેમજ વિજાપુર વિધાનસભા બેઠકની યોજાનારી પેટાચુંટણીમાં જિલ્લાના દરેક મતદાન મથકો ઉપર દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેરની વ્યવસ્થા સાથે ચૂંટણી દેખરેખ નિયંત્રણ હેઠળ ટોલ ફ્રી નંબર 1800 233 0585 કાર્યરત કરવામાં આવ્યો છે. જિલ્લામાં 49 સખી મતદાન મથકો બનશે. જેમાં 7 આદર્શ મતદાન મથકો, 1 યુવા મતદાન મથક તેમજ 7 મોડલ મતદાન મથકો અને 7 દિવ્યાંગ મતદાન મથકો ઉભા કરાશે. મતદાર હેલ્પલાઇન માટે 1950 નંબર શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લામાં સંસદીય વિસ્તારના કુલ 17 લાખ 66 હજાર 329 મતદારો માટે 1 હજાર 802 મતદાન મથકો છે. ચૂંટણી પ્રક્રિયામાં 9 હજારથી વધુ કર્મચારીઓ જોડાશે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પણ ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થઈ રહ્યું છે. દમણમાં કેન્દ્ર સરકારની યોજનાના અનેક હોર્ડિંગ્સ વહીવટી તંત્ર દ્વારા હટાવવામાં આવી રહ્યા છે.

ભરૂચ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર તુષાર સુમેરાએ ભરૂચ લોકસભા બેઠકની 7 મે એ યોજાનાર ચૂંટણી અંતર્ગત પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં ચૂંટણીમાં કુલ 17 લાખ 18 હજાર 794 મતદારો માટે 1 હજાર 893 બુથોનું આયોજન કરાયું છે. જેના ઉપર 5 હજાર 901 કર્મચારીઓ ફરજ બજાવશે. આ વખતે ચૂંટણીમાં 671 મતદાન મથકોથી લાઈવ વેબ કાસ્ટિંગ કરાશે. સાથે જ છેવાડાના એક એક મતદાર સુધી પહોંચવા પણ વિશેષ ઝુંબેશ અને આયોજન હાથ ધરાયું છે. જિલ્લામાં આ વખતે પાંચ દિવ્યાંગ, પાંચ મોડલ, 5 યુવા, 5 ઇકો, 30 મહિલા સંચાલિત મતદાન મથકો હશે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે ભાવનગર શહેર ભાજપ દ્વારા શહેરની પૂર્વ અને પશ્ચિમ બંને વિધાનસભાના ચૂંટણી કાર્યાલયો ગઇકાલે ખુલ્લા મૂકાયા.

. . . . . . . . . . . . . . . . . .

## PATAN- CONG. KAROBARI BETHAK

પાટણ જિલ્લા કોંગ્રેસની પ્રથમ કારોબારી બેઠક પાટણ જિલ્લા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ ગેમરભાઇ દેસાઈની અધ્યક્ષતામાં યોજાઈ ગઇ.

પાટણના ધારાસભ્ય ડોક્ટર કિરીટ પટેલ, રાધનપુરના પૂર્વ ધારાસભ્ય રઘુભાઈ દેસાઈ, સિદ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મુકેશ દેસાઈ સહિત આગેવાનો કાર્યકરોની ઉપસ્થિતિમાં પાટણ બેઠક જીતવા આહવાન કરાયું.

પાટણ અને સિદ્ધપુર શહેર કોંગ્રેસ સમિતિના બે નવા નિયુક્ત કરાયેલ પ્રમુખોને નિમણૂંકના વિધિવત લેટર અપાયા હતા.

. . . . . . . . . . . . . . . . . .

# AHD- UNI. Ghatana

ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વચ્ચે ગઇકાલે મોડી રાત્રે મારા મારી અને તોડફોડની ઘટનાના અહેવાલ છે. આ અંગે પોલીસ કમિશનર જી. એસ. મલિકે વધુ માહિતી આપતાં  આ મુજબ જણાવ્યું હતું.....

(બાઇટ- જી. એસ. મલિક,  પોલીસ કમિશનર)

. . . . . . . . . . . .

# SWAVLAMBAN MELO

અમદાવાદમાં કોનફેડ્રેશન ઓફ વુમન એન્ટરપ્રિન્યોર ઓફ ઇન્ડિયા અને સીડ બી દ્વારા ત્રણ દિવસીય સ્વાવલંબન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં રાજકોટ, જયપુર, ઉત્તર પ્રદેશ અને કેરળની 1 હજારથી વધુ મહિલાઓએ 114 જેટલા સ્ટોલ્સમાં તેમના ઉત્પાદનો રજૂ કર્યા હતા. આ પ્રકારના સ્વાવલંબન મેળા થકી મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન અને સિડ બીના પદાધિકારીઓ આ ઉપસ્થિત રહ્યા હતા.

.................

## KUTCH-EARTHQUAKE

કચ્છમાં ગઇકાલે મોડી રાતે 3.3ની તિવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભુજ તાલુકાના ખાવડાથી 22 કિલોમીટર દૂર મોટી દધર ગામ નજીક આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપ ઝોન 5માં આવતા કચ્છ જિલ્લાના પેટાળમાં જમા થતી ઉર્જા સમયાંતરે લઘુ અને મધ્યમ કક્ષાના આંચકા રૂપે ઉપાર્જિત થઇ જતી હોવાથી મોટા ભૂકંપની શક્યતા ટળી જતી હોવાનું આ પૂર્વે જાણકારો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

...................................

## DANG - Sarahaniya Kamagiri

ડાંગ જિલ્લામાં  ધોરણ 10ની પરીક્ષા આપીને ઘરે એસ.ટી.બસમાં પરત ફરી રહેલી દિકરીને  ખેંચ આવતા બસ સીધી આહવાની સિવિલ હોસ્પિટલમાં લઇ જવાઇ હતી.

અમારા ડાંગના પ્રતિનિધિ મુનિરા શેખના જણાવ્યા પ્રમાણે સંજના ગાવીત નામની વિદ્યાર્થીની બોર્ડની પરીક્ષા આપીને પોતાના ગામ પરત જવા એસટી બસમાં સફર કરી રહી હતી. તે સમયે તેને  અચાનક ખેંચ આવતા બસનાં ડ્રાઇવર અને કંડકટરે સમય સૂચકતા વાપરીને બસને સીધી સિવિલ હોસ્પિટલ આહવા લઈ લીધી હતી. અને તાત્કાલિક ધોરણે તેને સારવાર અપાવી હતી. બસના ડ્રાઇવર અને કંડક્ટરની આ સરાહનીય કામગીરીને મુસાફરોએ બિરદાવી હતી..

----------------------